## મહિન્દ્રા લોજિસ્ટીક્સમાંથી હિસ્સો વેચવા માટે

# મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાને તેના બોર્ડ તરફથી લીલી ઝંડી મળી

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા.૧૪

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ (એમએન્ડએમ) આજે જણાવ્યું કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તેની પેટા કંપની મહિન્દ્રા લોજિસ્ટીક્સ લિમિટેડમાંના આંશિક શેરહોલ્ડિંગનું વેચાણ કરવા માટે મંજૂરી આપી છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં કંપનીની પેટા કંપની મહિન્દ્રા લોજિસ્ટીક્સ લિમિટેડમાંના (એમએલએલ) આંશિક હિસ્સાના વેચાણ માટે મંજૂરી આપવામાં આવી છે.